# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-10-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રેલવે સુરક્ષા દળ-RPFમાં સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા દર વર્ષે ભરતી કરાશે-વલસાડમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની જાહેરાત
2. રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકામાં અમૃત યોજના હેઠળ 16 હજાર 316 કરોડ રૂપિયાથી વધુના 927 કામ મંજૂર
3. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 41 લાખ રૂપિયાના ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનો નાશ કરાયો
4. રાજ્યમાં બેવડી ઋતુની અસર રહેશે, 19 ઓક્ટોબર સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી
5. મહેસાણાના મોઢેરા ગામમાં રાજ્યકક્ષાની અશ્વદોડ સ્પર્ધા યોજાઇ

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VAISHNAW VALSAD

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, રેલવે સુરક્ષા દળ-RPFમાં સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા દર વર્ષે ભરતી કરાશે. વલસાડમાં RPFના 41મા સ્થાપના દિવસની ઉજવણી દરમિયાન તેમણે આધુનિક ટેકનોલોજી સાથે દળને ઉન્નત કરવાના હેતુથી અનેક પહેલોની જાહેરાત પણ કરી. આ તકે સંબોધન કરતાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે RPF કર્મચારીઓ ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તાવાળા VHF સેટથી સજ્જ થશે.

**(બાઇટ : ASHWINI VAISHNAV – RECRUITMENT)**

શ્રી વૈષ્ણવે કહ્યું, ભારતીય રેલવે આગામી દિવાળી અને છઠ તહેવારો નિમિત્તે 12 હજાર વિશેષ ટ્રેનો ચલાવશે. આ પ્રસંગે તેમણે RPF પરેડનું નિરીક્ષણ કર્યું અને 40 કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ પુરસ્કારો પ્રદાન કર્યા. રાજ્યની એક દિવસની મુલાકાતે આવેલા શ્રી વૈષ્ણવે નવસારીના બિલીમોરા હાઇ સ્પીડ રેલવે મથકની પણ મુલાકાત લીધી. દરમિયાન, તેમણે બુલેટ ટ્રેન મથક પર ચાલી રહેલા બાંધકામ અને ટ્રેકની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે હાઇસ્પીડ રેલ કોરીડોરનો પહેલો તબક્કો બિલીમોરાથી સુરત વચ્ચે કાર્યરત થશે.

**(બાઇટ : ASHWINI VAISHNAV – BILIMORA)**

-------------

# VIKAS SAPTAH KAM MANJUR

સરકારે તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે 16 હજાર 316 કરોડ રૂપિયાથી વધુના 927 કામ મંજૂર કર્યા છે. અમૃત યોજનાના બીજા તબક્કા હેઠળ આ કામ મંજૂર કરાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ યોજના હેઠળ તમામ નગરપાલિકા તથા મહાપાલિકા વિસ્તારમાં પાણી પૂરવઠા, બાગ-બગીચા અને તળાવ નવીનીકરણ કામ તેમજ રાજ્યના 31 અમૃત શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાના કામ પણ હાથ ધરાયા છે. ગત પાંચ વર્ષમાં આ યોજના હેઠળ મહાપાલિકા વિસ્તારમાં પાણી પૂરવઠાને લગતા ચાર હજાર 931 કરોડ રૂપિયાના 149 કામ, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના પાંચ હજાર 437 કરોડ રૂપિયાના 112 કામ, તળાવ નવિનીકરણના 207 કરોડ રૂપિયાના 37 સહિત અનેક કામ મંજૂર કરાયા છે.

-------------

# FOOD AND DRUGS

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડામાં 41 લાખ રૂપિયાના ભેળસેળયુક્ત-શંકાસ્પદ ખાદ્ય પદાર્થોની જપ્તી અને નાશ કરાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ 13 દરોડા દરમિયાન કુલ 8 હજાર 684 કિલો જપ્ત કરાયેલા જથ્થામાંથી 2 હજાર 861 કિલો અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરાયો.

ઉલ્લેખનીય છે દિવાળીના તહેવાર પૂર્વે રાજયમાં 3થી 11 ઑક્ટોબર દરમિયાન તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશનું આયોજન કરાયું હતું, જેમાં ઘી, દૂધ-દૂધ ઉત્પાદનો, તેલ, મીઠાઈ અને બેકરી આઈટમ સહિતના કુલ 2 હજાર 799 ખાદ્ય નમૂનાઓ એકત્ર કરાયા હતા.

-------------

# NHRC AHMEDABAD

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે અમદાવાદમાં બે શ્રમિકના કથિત મોત મામલે ગુજરાતના મુખ્યસચિવ અને અમદાવાદના પોલીસ અધિકારીને નૉટિસ પાઠવી છે. આયોગે માધ્યમોના સમાચારના આધારે આ મામલે સુઓમોટો નોંધ લીધી.

સમાચારોમાં દર્શાવાયું હતું કે, અમદાવાદના બોપલ વિસ્તારમાં 27 સપ્ટેમ્બરે સાત માળની ઈમારતની છત પર વિજ્ઞાપન હૉર્ડિંગ પડવાથી બે શ્રમિકના મોત અને એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થયો હતો. રાષ્ટ્રીય માનવ અધિકારી આયોગે આ ઘટના અંગે બે સપ્તાહમાં અહેવાલ માગ્યો છે.

-------------

# BOTAD POLICE

બોટાદના હડદડમાં મંજૂરી વિના સભાનું આયોજન કર્યા બાદ આમ આદમી પાર્ટીના કાર્યકરો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ મામલે 85

લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું, કે આ મામલે અત્યારે 65 લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

(બાઇટ : ધર્મેન્દ્ર શર્મા – SP, બોટાદ)

-------------

# GANDHINAGAR POLICE

દિવાળીના તહેવારોને પગલે ગાંધીનગર પોલીસનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે. તે અંતર્ગત શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં દિવસે અને રાત્રે પેટ્રોલિંગ વધુ કરાશે. જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીએ જણાવ્યુ, એક હજાર CCTV કેમેરાનું મોનિટરીંગ કરવામાં આવ્યું છે.

(બાઇટ : રવિતેજા વાસમશેટ્ટી, SP )

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે

અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## JAMNAGAR – PASHU SHIBIR

રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજી પટેલે આજે જામનગરના મોરકંડા ગામે પશુ જાતીય આરોગ્ય શિબિરની શરૂઆત કરાવી. તેમણે પશુ પ્રદર્શન નિહાળી પશુ રોગ નિદાન કેન્દ્ર દ્વારા સંચાલિત એમ્બ્યુલન્સની મુલાકાત લીધી હતી. તેમણે પશુઓને અપાતી વિવિધ સુવિધાઓ અને તાત્કાલિક સારવારની વ્યવસ્થા અંગે પણ માહિતી મેળવી હતી. શ્રી પટેલે લાભાર્થીઓને સુધારેલ બિયારણની મીની કીટનું વિતરણ પણ કર્યું હતું.

-------------

## PANSHERIYA-SCHOOL INCIDENT

સુરતની શાળામાં માંસાહાર પીરસવા મુદ્દે ઇન્ચાર્જ આચાર્યને ફરજમોકૂફ કરાયા છે. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ કહ્યું, અન્ય શાળાઓમાં આવી પ્રવૃત્તિ ન થાય તેની કાળજી લેવા પણ ધ્યાન દોરવામાં આવ્યું છે.

(બાઈટ: પ્રફુલ પાનસેરીયા, શિક્ષણ રાજ્યમંત્રી)

-------------

# WEATHER

રાજ્યમાં 15 ઓક્ટોબર સુધી બેવડી ઋતુની અસર રહેશે, 16 થી 19 ઓક્ટોબર સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેટલાક ભાગોમાં છૂટાછવાયાં વરસાદની આગાહી છે.

હવામાન વિભાગ દ્વારા દિવાળીના તહેવાર દરમ્યાન કમોસમી માવઠાની અસર રહે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક ડૉ એ કે દાસના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, સુરત, વલસાડ, નવસારીમાં માવઠાની અસર રહેશે.

(બાઇટ ડૉ એ કે દાસ )

------------

# VIKAS SAPTAH-DISTRICT

રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આજે મેદસ્વીતા મુક્ત ગુજરાત, સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાત” થીમ પર સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના સરદારપુલ થી દધીચી પુલ સુધી 8 કિલોમીટર મેગા સાયક્લોથોન યોજાઈ હતી. જેમાં 650થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ભીનાર અને પાલગભાણ ગામમાં વિકાસ રથના માધ્યમથી લોકોએ ટૂંકી ફિલ્મ નિહાળી તેમજ ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી.

બનાસકાંઠા જિલ્લાના ખેમાણા, ચંડીસર, વાઘરોલ, દાંતીવાડા, પાંથાવાડા, ખીમત, સમરવાડા અને ધાખા ગામે વિકાસ રથના માધ્યમથી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને લાભોની માહિતી ગ્રામજનોને આપવામાં આવી હતી

ભુજ તાલુકાનાં ભચાઉ આરોગ્ય કેન્દ્ર ખાતે "વિકાસ સપ્તાહ"અંતર્ગત આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય શિબિર, રેલી તેમજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લાના ઈડર નગરપાલિકા દ્વારા ધારાસભ્ય રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં 270 લાખ રૂપિયાના કામોનું લોકાર્પણ અને ૧૬૫ લાખ રૂપિયાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

-------------

# MEHSANA ASHWA SPARDHA

મહેસાણા જિલ્લાના મોઢેરા ગામમાં રાજ્યકક્ષાની અશ્વદોડ સ્પર્ધાનું આયોજન કરાયું, જેમાં ઉત્તર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને રાજસ્થાન સહિતના વિસ્તારોના 100થી વધુ અશ્વપાલકો ઘોડાઓ સાથે ભાગ લીધો. સ્પર્ધામાં મુખ્યત્વે રેવાલ ચાલ અને દોડ યોજાઇ. રેવાલ ચાલની સ્પર્ધામાં

પોયડા ગામના કાળુભાઈની ઘોડી પ્રથમ નંબર પર રહી, જ્યારે મોઢેરાના અબિતભાઈની ઘોડી બીજા નંબરે પહોંચી.

આ સાથે રેવાલ દોડમાં સીતાપૂરના ઝાલુભાના બે ઘોડાઓએ પ્રથમ અને બીજો નંબર મેળવ્યો અને ત્રીજો નંબર કચ્છના ઘોડાને મળ્યો. સ્પર્ધામાં પ્રથમ સ્થાન હાંસલ કરનારને 11 હજાર રોકડા અને ટ્રોફી, બીજા સ્થાનને 7 હજાર અને ત્રીજા સ્થાનને 5 હજારનું રોકડ ઇનામ અપાયું.

-------------

# TABLE TENNIS

કચ્છના ગાંધીધામ ખાતે સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપનો આવતીકાલથી પ્રારંભ થશે. 18 ઓક્ટોબર સુધી યોજાનાર ગુજરાત રાજ્ય અને આંતર જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં રાજ્યના ટોચના ખેલાડી ધૈર્ય પરમાર, ચિત્રાક્ષ ભટ્ટ, ફ્રેનાઝ છિપીયા, ઓઇશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતીમા કાદરી, અભિલાષ રાવલ, નામના જયસ્વાલ અને જયનિલ મહેતા ભાગ લેશે. દેશની આ પ્રથમ એવી સ્પર્ધા છે, જેમાં ટીમ ઇવેન્ટમાં પણ ઇનામી રકમ અપાશે.

-------------